# Call on Prime Minister by President-Elect of the 76th UN General Assembly and Foreign Minister of Maldives H.E. Abdulla Shahid

July 23, 2021

# યુએનની 76મી જનરલ એસેમ્બલીના નવા ચૂંટાયેલા પ્રમુખ અને માલદિવ્સના વિદેશમંત્રી મહામહિમ અબ્દુલા શાહીદની વડાપ્રધાન સાથે મુલાકાત

જુલાઈ 23, 2021

યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલી (યુએનજીએ)ના 76મા સત્રના નવા ચૂંટાયેલા પ્રમુખ અને માલદિવ્સના વિદેશમંત્રી મહામહિમ અબ્દુલ્લા શાહીદે આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી હતી.
7 જુલાઈ 2021ના રોજ ન્યૂયોર્કમાં થયેલી ચૂંટણી પછી મહામહિમ અબ્દુલા શાહીદ યુએનજીએના 76મા સત્રના નવા ચૂંટાયેલા પ્રમુખ તરીકે ભારતની મુલાકાત લઈ રહ્યા છે.

વડાપ્રધાને મહામહિમ અબ્દુલ્લા શાહીદને ચૂંટણીમાં તેમના વિજય બદલ અભિનંદન પાઠવ્યા હતા. તેમણે એની નોંધ લીધી હતી કે આ બાબત વિશ્વના મંચ પર માલદિવ્સનું કદ વધ્યું તેમ દર્શાવે છે.

વડાપ્રધાને નવા ચૂંટાયેલા પ્રમુખને તેમના 'પ્રેસિડન્સી ઓફ હોપ' માટેના વિઝન સ્ટેટમેન્ટ બદલ શુભકામના પાઠવી હતી અને તેમને ખાતરી આપી હતી કે તેમના પ્રમુખ તરીકેના કાર્યકાળ દરમિયાન ભારત સંપૂર્ણ ટેકો અને સહકાર આપશે.

વડાપ્રધાને યુનાઈટેડ નેશન્સની સંસ્થાઓ સહિત બહુસ્તરીય સિસ્ટમમાં સુધારાના મહત્ત્વ પર ભાર મુક્યો હતો જેથી વિશ્વની વર્તમાન વાસ્તવિકતાનું પ્રતિબિંબ પડે અને વિશ્વની વિશાળ જનસંખ્યામાંથી બહુમતીના આકાંક્ષાઓ સંતોષાય.

વડાપ્રધાન અને મહામહિમ અબ્દુલ્લા શાહીદે તાજેતરના વર્ષોમાં ભારત-માલદિવ્સ વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોમાં થયેલી ઝડપી વૃદ્ધિની ચર્ચા કરી હતી. વડાપ્રધાને એ બાબતે સંતોષ વ્યક્ત કર્યો હતો કે કોવિડ-19 મહામારીના અવરોધો હોવા છતાં દ્વિપક્ષીય પ્રોજેક્ટ સારી રીતે આગળ વધી રહ્યા છે. તેમણે ભારતની નેબરહૂડ ફર્સ્ટ પોલિસી અને સાગર વિઝનના ભાગરૂપે માલદિવ્સને મહત્ત્વના સ્થંભ તરીકે ગણવાના મહત્ત્વ પર ભાર મુક્યો હતો.

**નવી દિલ્હી**
**જુલાઈ 23, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.